દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૨૧ એપ્રિલ, ૨૦૨૬

# ભારતમાં ઓનલાઇન છેતરપિંડીનો વ્યાપ ખૂબ વધ્યો છે

તમે ઓનલાઇન પેમેન્ટ કે ટ્રાન્સફર કરતા હો કે નહીં પરંતુ ઓનલાઇન વ્યવહારોમાં થતી છેતરપિંડીની ઘણી વાતો તમે સાંભળી જ હશે. કોઇ મિત્ર એવી વસ્તુ માટે ઓનલાઇન પૈસા ચૂકવે છે જે વસ્તુ ક્યારેય તેના ઘરે પહોંચતી જ નથી. પરિવારના કોઇ સભ્યને નકલી બેંક એક્ઝિક્યુટિવનો ફોન આવે છે અને તેઓ એવી વિગતો તેને આપી દે છે જે નહોતી આપવાની. કોઈ સહકર્મી પેમેન્ટની સમસ્યા ઉકેલવા માટે એક લિંક પર ક્લિક કરે છે, અને તેમને ખ્યાલ આવે તે પહેલાં જ ખાતામાંથી પૈસા ગાયબ થઇ જાય છે. આ હવે કોઇ દુર્લભ કિસ્સા નથી રહ્યા. હવે તો છેતરપિંડીના એટલા બધા કિસ્સાઓ બને છે કે બહુ મોટી રકમ તેમાં સંડોવાયેલી નહી હોય તો તેની ખાસ નોંધ પણ લેવાતી નથી.

અનેક કિસ્સાઓમાં, જ્યાં સુધી અચાનક બધું ખોટું ન થયું ત્યાં સુધી વ્યવહાર એકદમ સામાન્ય લાગતો હતો એવું હોય છે. અને આ હવે છૂટાછવાયા કિસ્સાઓ નથી. ડિજિટલ છેતરપિંડી એવી રીતે સામે આવી રહી છે જેની મોટાભાગના લોકોએ કલ્પના પણ નહોતી કરી. પેમેન્ટ્સ હવે ઇન્સ્ટન્ટ (ત્વરિત) છે, પૈસા સેકન્ડોમાં ટ્રાન્સફર થઈ જાય છે, અને થોભવા કે ફરીથી તપાસવા માટે બહુ ઓછો સમય મળે છે. તેમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ઉમેરાતા હવે વધુ ખાતરીપૂર્વકના સંદેશાઓ, ઓળખ અને અવાજો બનાવવાનું સરળ બન્યું છે, જેના કારણે શું અસલી છે અને શું નકલી તે પારખવું વધુ મુશ્કેલ બની રહ્યું છે.

બેંકો અને ફિનટેક કંપનીઓ સાથે કામ કરતી રિસ્ક ઇન્ટેલિજન્સ ફર્મ 'બ્યુરો'નો 'ઇન્ડિયા ફ્રોડ રિપોર્ટ 2026' આ બદલાવને સ્પષ્ટ કરે છે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) ના ડેટા મુજબ, 2024-25 માં બેંક છેતરપિંડી વધીને 36,014 કરોડ રૂપિયા થઈ ગઈ છે, જે પાછલા વર્ષ કરતા લગભગ ત્રણ ગણી છે, ભલે નોંધાયેલા કેસોની સંખ્યામાં ઘટાડો થયો હોય. જો થોડું વિસ્તૃત રીતે જોઈએ તો ચિત્ર વધુ સ્પષ્ટ થાય છે. સંસદમાં રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ, 2025 ના પ્રથમ દસ મહિનામાં જ ભારતમાં 4,200 કરોડ રૂપિયાથી વધુના નુકસાન સાથે લગભગ 24 લાખ ડિજિટલ છેતરપિંડીના કેસો નોંધાયા હતા. આ એક જ સમસ્યાના અલગ-અલગ સ્તરો છે. 36,014 કરોડ રૂપિયા ઉચ્ચ-મૂલ્યની બેંક છેતરપિંડી દર્શાવે છે, જ્યારે 4,200 કરોડ રૂપિયા યુઝર્સ દ્વારા નોંધાયેલ રિટેલ ડિજિટલ સ્કેમ્સ છે. બધું સાથે જોતા પેટર્ન સ્પષ્ટ છેઃ ઓછા કેસ, મોટું નુકસાન. વધુ પ્રયાસો, ઝડપી અમલ. બ્યુરોના CTO સંદેશ જીએસએ જણાવ્યું કે, RBI નો પોતાનો ડેટા આ પેટર્નને સ્પષ્ટ કરે છે. ઓછી ઘટનાઓ, ઘણું વધારે નુકસાન. આ છેતરપિંડી ઓછી નથી થઈ, તે વધુ સ્માર્ટ બની છે. છેતરપિંડી કરનારાઓ હવે વધુ હોંશિયાર બની રહ્યા છે. રિપોર્ટ મુજબ, ફ્રોડ હવે એક નેટવર્કની જેમ કામ કરે છે. લાખો 'એકાઉન્ટ ટેકઓવર' ના પ્રયાસો પહેલેથી જ સફળ થયા છે, અને 11 લાખથી વધુ શંકાસ્પદ 'મ્યુલ એકાઉન્ટ્સ' (ચોરીના નાણાં ફેરવવા માટે વપરાતા ખાતા) મળી આવ્યા છે. એકવાર પૈસા આ ખાતામાં આવે એટલે તેને મિનિટોમાં અનેક સ્તરોમાં ફેરવી દેવામાં આવે છે, જેથી તેની રિકવરી અશક્ય બની જાય છે. હવે છેતરપિંડી કરનારાઓ નાના શિકારને બદલે મોટા અને હાઈ-વેલ્યુ ટાર્ગેટ પર ધ્યાન આપી રહ્યા છે. ખાસ કરીને ડિજિટલ લોન ક્ષેત્રે 'લોન સ્ટેકિંગ' (સિસ્ટમ પકડી શકે તે પહેલા મિનિટોમાં અનેક એપ પરથી લોન લેવી) જેવી ઘટનાઓ વધી છે. આ વધારાનું એક કારણ 'ફ્રોડ-એઝ-એ-સર્વિસ' પણ છે, જ્યાં છેતરપિંડી માટેના તૈયાર ટૂલ્સ, ડેટા અને સ્ક્રિપ્ટ્સ ઓનલાઈન ભાડે કે વેચાતા મળે છે! જેનાથી સામાન્ય ગુનેગાર પણ ટેકનિકલ જાણકારી વગર છેતરપિંડી કરી શકે છે.

લોકલસર્કલના 2025 ના સર્વે મુજબ, ભારતમાં દર પાંચમાંથી એક UPI યુઝર છેતરપિંડીનો ભોગ બન્યો છે. આમાંના ઘણા કૌભાંડો દક્ષિણ-પૂર્વ એશિયાના નેટવર્ક્સ સાથે જોડાયેલા છે, જેનાથી ભારતીયોને હજારો કરોડનું નુકસાન થયું છે. આ બધું રોકવા માટે અત્યારે બેંકો સંઘર્ષ કરી રહી છે, કારણ કે તેમની ઘણી સિસ્ટમ્સ હજુ પણ જૂની અને ધીમી છે. ભારતનું પેમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ખૂબ જ ઝડપથી વિસ્તર્યું છે. UPI હવે દર મહિને 20 અબજથી વધુ ટ્રાન્ઝેક્શન પ્રોસેસ કરી રહ્યું છે, જેમાં દરરોજ અબજોની સંખ્યામાં પેમેન્ટ થઈ રહ્યા છે. પરંતુ ફ્રોડ ડિટેક્શન તેટલી ઝડપી બની નથી. સંદેશના જણાવ્યા અનુસાર, મોટાભાગની સંસ્થાઓ માટે સાચો જવાબ 'ના' છે. ઘણી બેંકો હજી પણ એવી સિસ્ટમ્સ સાથે કામ કરી રહી છે જે ધીમા ટ્રાન્ઝેક્શન માટે ડિઝાઇન કરવામાં આવી હતી.

છેતરપિંડીની ઓળખ ઘણીવાર પૈસા ટ્રાન્સફર થઈ ગયા પછી થાય છે. સમગ્ર ઇકોસિસ્ટમમાં સમાન પેટર્ન જોવા મળે છે, એવી સિસ્ટમ જે અગમચેતી વાપરવાને બદલે છેતરપિંડી થયા પછી પ્રતિક્રિયા આપે છે અને તપાસ જે ખૂબ મોડી થાય છે. અંદાજ મુજબ, સુધારેલી સિસ્ટમ્સ દ્વારા અંદાજે ₹1,120 કરોડનું નુકસાન અટકાવી શકાયું હોત. છેલ્લા કેટલાક વર્ષોમાં, RBI એ વારંવાર બેંકો અને પેમેન્ટ સંસ્થાઓને ડિજિટલ કામકાજ અને IT ગવર્નન્સમાં રહેલી ખામીઓ તરફ ધ્યાન દોર્યું છે, અને ઘણા કિસ્સાઓમાં પ્રતિબંધો અને દંડ પણ લાદ્યા છે. હવે પોલિસીની દિશા પણ બદલાઈ રહી છે. ઇન્સ્ટન્ટ ટ્રાન્સફરમાં વ્યવહાર થઈ ગયા પછીની તપાસ માટે લગભગ કોઈ સમય મળતો નથી. તેથી જ અમુક ચોક્કસ ટ્રાન્ઝેક્શન માટે થોડો વિલંબ દાખલ કરવા જેવા વિચારો પર હવે વિચારણા કરવામાં આવી રહી છે. ઉપાયો તો શોધવામાં આવી રહ્યા છે પરંતુ હાલ તો ફ્રોડ વ્યાપક છે તે કઠોર વાસ્તવિકતા છે.

## સારી દોસ્તીની અસર

નિયા નવી નવી કોલેજમાં દાખલ થઈ ,કોલેજ જઈને ફેશન કરવાનો અને દોસ્તો બનાવવાનો બહુ જ ઉમંગ હતો.ઘરમાં બધાએ કહ્યું, 'નિયા દોસ્તી સમજી વિચારીને કરજે!!' પણ નિયાએ કઈ ધ્યાન ન આપ્યું અને કોલેજમાં જીને જુદા જુદા મિત્રો બનાવવા લાગી અને ધીમેધીમે મિત્રોની ખરાબ સ્ન્ગતને લીધે તે ભણવાનું ભૂલીને આખો દિવસ બહાર ફરતી થઇ ગઈ, પાર્ટીઓની તેને આદત પડી ગઈ અને ક્યારે ખરાબ વ્યસનનોના જાળમાં તે ફસાઈ ગઈ તેની તેને પોતાને ખબર ન પડી.

એક દિવસ મોડી રાત્રે તે ઘરે દારુ પી ને આવી અને ઘરમાં બહુ જ મગજમારી થઇ.પપ્પા ગુસ્સે થઇ ગયા, મમ્મી વાત કરતી ન હતી અને ભાઈ તો એકદમ નારાજ હતો.નિયાને પણ સમજાયું કે પોતે બહુ મોટી ભૂલ કરી છે.તેને રડી રડીને બધા પાસે માફી માંગી.

દાદી તેને રસોડામાં લઇ ગયા અને એક એકદમ ગુંદુ ગટરનું પાણી ભરેલો ગ્લાસ લીધો અને બીજા સાફ પાણીમાં તે પાણી નાખ્યું બધું પાણી ગંદુ થઈ ગયું.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

હવે દાદીએ તે ગંદા પાણીમાંથી ફરી એક ગ્લાસ ભર્યો અને તેને સિંકની અંદર એ રીતે મુક્યો કે નળચાલુ કરીએ તો તે નળમાંથી સાફ પાણી તે ગંદા પાણી ભરેલા ગ્લાસમાં પડે...નળમાંથી સાફ પાણી ગ્લાસમાં પડવાનું શરુ થયું ત્યારે તે સાફ પાણી પણ ગંદા પાણીના સંપર્કમાં આવીને ગંદુ થતું હતું અને પાણી સસ્ત ચાલુ હતું એટલે પાણી બહાર ઉભરાતું હતું...થોડો સમય આમ થતું રહ્યું સાફ પાણી પડતું રહ્યું અને તેની સાથે ઉભરાઈને ગંદુ પાણી ભાર ફેંકતું રહ્યું અને ધીમેધીમે તે આખો ગ્લાસ સાફ પાણીથી ભરાય ગયો.ગંદુ પાણી ઉભરાઈને વહી ગયું.

દાદીએ નિયાનો હાથ પકડી રાખીને આ બતાવ્યું અને પછી કહ્યું, 'આ ગંદુ પાણી હતું તે તારા ખરાબ દોસ્તો છે ...તું એમની સાથે ભળી એટલે તને પણ ખરાબ સંગ મળ્યો અને ખરાબ આદતો તે શીખી અને આ નળનું સતત વહેતું પાણી સારા દોસ્તો અને સારી સંગત છે જો તું સારા દોસ્તો શોધીને તેમની સાથે રહીશ તો તેઓ તારી ખરાબ આદતો દુર કરાવી તેને ફરી સારી બનાવી દેશે.' આ બધુ ડાઈનીંગ ટેબલ પાસેથી જોઈ રહેલા દાદા બોલ્યા, 'નિયા યાદ કર તારી કોલેજની શરૂઆતની પહેલાના દિવસો અમે બધાએ તને સલાહ આપી હતી કે દોસ્તો સમજી વિચારીને પસંદ કરજે તે ધ્યાન ન આપ્યું અને ખરાબ સંગતનું આ પરિણામ આવ્યું.સારી સંગત આપણને આગળ લઇ જાય છે અને ખરાબ સંગત પતનનું કારણ બને છે તે હંમેશા યાદ રાખજે અને સમજીને કાલથી જ તારા ખરાબ દોસ્તોની સંગતથી દુર રહેજે.' નિયાએ અગત્યનો પાઠ સમજ્યો અને ખરાબ સંગત છોડવાનું અને દોસ્તો સમજી વિચારીને પસંદ કરવાનું બધાને પ્રોમિસ આપ્યું.

# દુનિયાભરમાં લોકશાહી માત્ર એક 'લેબલ' બનીને રહી ગઈ છે

શિક્ષણ-સંસ્કાર
કાર્તિકેય ભટ્ટ

**લોકશાહીમાં કેન્દ્રસ્થાને છે લોકોનો મત. પ્રજાના પ્રતિનિધિએ સતત લોકોના સંપર્ક કરવામાં રહેવાનું છે અને તેમની ઈચ્છાઓ, અપેક્ષાઓ જરૂરિયાતો જાણવાની છે**

ગ્રીકમાં ઉદ્દભવ પામેલી અને દુનિયાભરમાં પ્રસરેલી, વિકસેલી તથા દુનિયાના તમામ ચિંતકો, નીતિનિર્ધારકોએ જેને સૌથી ઉપયોગી, વ્યવહારુ અને આદર્શ ગણી તે લોકશાહી શાસનવ્યવસ્થા સત્તરમી સદી પછી દુનિયાના તમામ અગ્રણી દેશોમાં સ્વીકારાઈ. દેશમાં સંસદીય લોકશાહી હોય, નાગરિકો દ્વારા સીધા જ પ્રમુખને ચૂંટતી પ્રમુખશાહી પદ્ધતિ હોય કે અન્ય સ્વરૂપ હોય પણ મૂળતઃ પ્રજા જાતે જ પ્રતિનિધિની ચૂંટણી કરે અને આ પ્રજાના પ્રતિનિધિ, પ્રજાના બદલે રાજ્ય-વહીવટ ચલાવે જ્યાં નીતિવિષયક નિર્ણયો ચર્ચા દ્વારા બહુમતના નિયમથી ઘડવામાં આવે અને રોજિંદો વ્યવહાર કાયદાના શાસનથી ચાલે! કાયદો ઘડાય પછી તેના અમલ, વ્યવહારમાં ભૂલ હોય તો કાયદો બદલવો પણ તોડવો નહીં! આવું સોક્રેટીસ કહેતા હતા. ટૂંકમાં તલવારના જોરે શાસનના યુગનો અંત આવ્યો. મનઘડત ભુક્કાઓનું કાયદામાં રૂપાંતર કરનાર રાજાશાહીનો અંત આવ્યો અને નેતા-પ્રજાના પરસ્પર સંવાદ, ચર્ચા અને તજજ્ઞોના અભિપ્રાયથી કાયદાના શાસનની શરૂઆત થઈ. લોકશાહીમાં કેન્દ્રસ્થાને છે લોકોનો મત. પ્રજાના પ્રતિનિધિએ સતત લોકોના સંપર્ક કરવામાં રહેવાનું છે અને તેમની ઈચ્છાઓ, અપેક્ષાઓ જરૂરિયાતો જાણવાની છે. તે મુજબ રાજ્ય વહીવટ ચલાવવાનો છે અને માટે જ સ્થાનિક પ્રશ્નો જરૂરિયાત માટે સ્થાનિક સત્તામંડળ, પ્રદેશ અને રાજ્યની જરૂરિયાત ખાસિયત માટે રાજ્ય અને રાષ્ટ્રીય જરૂરિયાત માટે રાષ્ટ્રીય સરકાર એમ નીચેથી ઉપર જતા શંકુ આકારની ગતિશીલતા આ મોડલમાં જોવા મળે છે.

પોતાના દેશમાં લોકશાહીનો ઉદ્દભવ અને વિકાસ થયો છે તેનું કહેવામાં ગૌરવ રાખનાર બ્રિટીશરોએ પોતાના કાબૂમાં રહેલા નાના-નાના અનેક દેશોને સ્વતંત્ર લોકશાહી રાષ્ટ્ર તરીકે વિકસવા દેવામાં ખૂબ ઠાગાઠૈયાં કર્યા પણ અંતે તે બધા દેશો પણ સ્વતંત્ર થયા અને લોકશાહી વ્યવસ્થાના શરણે ગયા.

બ્રિટન પહેલાં યુરોપિયન યુનિયનનો ભાગ હતું. બ્રિટને યુરોપિયન યુનિયનમાં રહેવું કે અલગ થવું તેનો નિર્ણય કરવાનો હતો. એટલે બ્રિટનમાં સંસદે સીધો જ કાયદો પસર ન કર્યો. પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓએ બહુમતીથી નક્કી કરી નાખ્યું. પણ બ્રિટનમાં જાહેર મતદાન થયું અને પ્રજાએ જ મતદાન દ્વારા નક્કી કર્યું કે બ્રિટન યુરોપિયન યુનિયનમાંથી નીકળી જશે અને પછી બ્રિટનની સંસદે 'બ્રેકમીટ' સ્વીકાર્યું!

લોકશાહીનું સાચું હાર્દ જ આ છે. તમામ મોટા નિર્ણયો માટે લોકોને સાથે રાખો. 'પક્ષ' એ તો વ્યવસ્થા છે. ચુંટાયેલા તમામ સાંસદો પ્રજાના પ્રતિનિધિઓ છે. રોજ સવાર પડે તમામ બાબતના નિર્ણય માટે પ્રજા પાસે જઈ શકાય નહીં એ વાત સાચી પણ પ્રજાના ચુંટાયેલા પ્રતિનિધિને તો પૂછી શકાય ને! હવે પ્રજાને તો ઠીક તેમના પ્રતિનિધિઓને પણ કોઇ પૂછતું નથી! પૂછતું નથી ત્યાં સુધી તો ઠીક પણ 'સાંભળ્યું પણ નથી.' આખી લોકશાહી વ્યવસ્થામાં લોકોના મત માટે એક માત્ર 'ચૂંટણી' થાય છે જે પાંચ વર્ષે થાય છે. એક વાર ચૂંટણી પૂરી પછી પ્રજા કોણ? અને નેતા કોણ? ન શિક્ષણનીતિમાં, ના વહીવટમાં ન લગ્ન અંગેના કાયદામાં ન નાગરિક અધિકારોમાં! કયાંય પ્રજાને કશું પૂછવામાં જ નથી આવતું! કાયદા, નિયમો, વ્યવસ્થાઓ સીધી માથે મારવામાં આવે છે! 'અમે આ નક્કી કર્યું છે! તમારે આનો અમલ કરવાનો છે!

એટલું જ નહીં! તેની વાહ વાહ કરવાની છે! ઈઝરાયલે ગાજા પટ્ટીમાં કરેલા હુમલામાં નાગરિકો માર્યા ગયા, શાળા - હોસ્પિટલો તબાહ થઈ ગઈ. ઈઝરાઈલની પ્રજાએ વારંવાર તેમના પ્રમુખ વિરુદ્ધ દેખાવો કર્યા પણ સરવાળે પરિણામ શૂન્ય. પ્રજા ઈચ્છે કે ન ઈચ્છે! નેતન્યાહુ ન ઈચ્છે ત્યાં સુધી યુદ્ધ બંધ થવાનું નથી! આવું જ યુક્રેન, રશિયાનું છે! યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી હોય કે રશિયાના પુતિન પ્રજાને તો પૂછતા જ નથી કે હવે યુદ્ધ બંધ કરવું છે કે ચાલુ રાખવું છે?

એક સમયે રાજયશાસ્ત્રીઓ વિચારતા કે અમેરિકા જેવા દેશોમાં કાયદાનું શાસન રોજિંદા જીવનમાં એવું દઢ છે કે ચૂંટણી પછી સત્તાપરિવર્તન થાય તો પણ રોજબરોજના જીવનમાં કાયદાનું શાસન માનવમૂલ્યોના રક્ષણ સાથે ચાલ્યા કરશે અને માટે જ અમેરિકા જેવા દેશોમાં પૂજા સીધા રાજકારણથી દૂર રહેતી અને પોતાનું કામ કર્યા કરતી પણ ટ્રમ્પની નવી ઈનીંગે આ વિશ્વાસ પણ તોડી નાખ્યો છે! હાવર્ડ યુનિવર્સિટીમાં કોણ ભણશે તે અત્યાર સુધી યુનિવર્સિટી નક્કી કરતી હતી પણ હવે તે ટ્રમ્પ નક્કી કરી રહ્યા છે. મૂડીવાદી અમેરિકા કદી કહેવું ન હતું કે તેમના ઉદ્યોગપતિ કયા દેશમાં ઉત્પાદન કરશે અને કયામાં નહીં કરે? પણ હવે ટ્રમ્પ કહે છે! દુનિયાભરમાં લોકશાહી દેશોએ સ્વીકૃત પરમ્પરા હતી કે આગળની સરકારે કરેલા કાયદાથી જેને લાભ મળ્યો એ નાગરિકોના લાભ નવી સરકાર પાછા નહીં ખેંચે. હવે એ સાચું નથી. આપણા ગુજરાતી કવિ સ્વ. બાલુ પટેલનો એક શેર છે કે 'લોકસભામાં લોકો કયાં છે? બધે છે નેતા છલોછલ ટૂંકમા માત્ર ચૂંટણી થાય છે એટલે દેશમાં લોકશાહી છે એ માનવું ભ્રમ છે. એક કટાક્ષ જે સાચો પાડવાની હદે પહોંચ્યો છે તે એ છે કે 'ચૂંટણી એટલે આવનારાં પાંચ વર્ષ માટે મારે કોની ગુલામી કરવી તે નક્કી કરવાની સ્વતંત્રતા આપતી વ્યવસ્થા' તો જેમ ખોખા ઉપર નામાંકિત કંપનીનું લેબલ લગાવી સ્થાનિક કંપનીઓ પોતાનો માલ ભરી દે તેમ વ્યક્તિવાદી સામંતશાહીના માલભરેલા ખોખા પર 'લોકશાહી'નું લેબલ લગાવી દેવું તે છેતરપિંડી છે. દુનિયાભરમાં આ 'લેબલ' ચાલે છે. મૂળ માલ તો કયાંય ગાયબ છે!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ગર્દભ વસાવો..ઇંધણ બચાવો..!



મંગલ મસ્તી
રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

**આજકાલ હસાવવું અઘરું છે બોસ!એમાં યુદ્ધના માહોલમાં હાસ્યનાં છાંટણાં કરવાના તો ભારે અઘરા!**

ભૂખથી પેટ ચિચિયારી પાડતું હોય ત્યારે, જે મળે તે ઝાપટી લેવાનું, એમાં જ મઝા! ખાવામાં શું છે? એવું પૂછીએ તો પૂછામણ લાગે. ને One-way માં ઘુસ્યા હોય એવો અપરાધ લાગે.! હસાવવાના ધંધે ચઢ્યા પછી, અમે વિષયમાં વરણાગી કરતા નથી. હાજર સો હથિયાર! જે વિષય લાગમાં આવ્યો, એની ઉપર વણાટ-કામ કરવા માંડીએ.! હાસ્યકારનો એક જ સિધ્ધાંત હોય, જગતમાં કોઈનો પણ ચહેરો બાફેલા અથાણા જેવો ના હોવો જોઈએ. Always 'લાફેલો'રહેવો જોઈએ. એ માટે સરકસના જોકરની જેમ વેશ બદલવા પડે તો બદલવાના, નહિ ધારેલા કરવા પડે તો કરવાના, પણ હાસ્ય-દ્રોહ નહીં કરવાનો! પછી ભલે 'ગર્દભ વસાવો..પણ ઇંધણ બચાવો'જેવા તુચ્છ વિષય કાઢવા પડે!

એમાં એવું છે ને કે, આજકાલ હસાવવું અઘરું છે બોસ!એમાં યુદ્ધના માહોલમાં હાસ્યનાં છાંટણાં કરવાના તો ભારે અઘરા! હાસ્યની ફેકલ્ટીમાં ટકવું એટલે શીર્ષાસનની મુદ્રામાં ફાલુદાની લહેજત લેવા જેવું! ગલગલિયાં કરીને હસાવાય ખરું, પણ કેડ સુંવાળી હોવી જોઈએ. અમુકની કેડ તો એવી જાડી ચામડીની, કોઈ અસર જ નહિ થાય. આ લેખનું પ્રાગટ્ય, AI એટલે કે અમેરિકા અને ઈરાનનાં યુદ્ધના માહોલથી થયું છે. આકાશના તમામ નબળા ગ્રહો, અત્યારે પૃથ્વી ઉપર લટાર મારવા નીકળ્યા હોય એમ, ઈરાન-અમેરિકા-ઈઝરાઈલ-ચીનમાં છે. ચારેય બાજુ યુદ્ધનો માહોલ છે. બાટલીને અસર નહિ થઈ, પણ ગેસના બાટલા ઝાપટમાં આવી ગયા. યુદ્ધનો રેલો રસોડા સુધી આવી ગયો. Oil | Gas ઉપર તો રસોડા ચાલે. એમાં તંગી આવે એટલે વાઈફ તંગ થાય ને તેની આડ અસર ઘરવાળાને થાય. બિચારો લપેટમાં આવી જાય! ને વાઈફને સમજાવવી એટલે, ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિંગ જોન ઉનને સમજાવી લેવાય, પણ વાઈફને સમજાવવી એટલે, આંખે પાટા બાંધીને, સળગતી રીંગમાંથી રીંગવા જેટલું અઘરું! રહી વાત પેટ્રોલની! જીવજંતુ ને પ્રાણીઓમાં તો પહેલેથી જ વાહનબંધી હોય, એટલે એમને તો કોઈ અસર નહિ થાય, પણ પેટ્રોલની તાણ પડી તો, માણસનો રોજિંદો વ્યવહાર ખોરવાઈ જાય. આવા કપરા સમયે, હાસ્યકારની તો ફરજ બને કે, અસરગ્રસ્તોને હસતા રાખવા, જેથી હતાશ નહિ થાય! આવો વિષય પકડવાનું કારણ પણ એ જ! મારા ફુલ સાઈઝના ખભે માથું નાંખીને કહે, રશિયા! (આમ તો મને 'રમેશિયા'કહીને જ બોલાવે, એ દિવસે, ભારે ટેન્શનમાં હતો એટલે મને રમેશિયાને બદલે 'રશિયા'કહીને બોલાવ્યો. મને કહે, 'બેઉ બળિયા બાથે વળગ્યા છે અને યુદ્ધ વહેલું અટકે તેવું લાગતું નથી. મારા મગજ ઉપર યુધ્ધે એવો કબજો જમાવ્યો છે કે, 'મારા એક કાનમાં, અમેરિકાએ, ને બીજા કાનમાં ઈરાને યુદ્ધની છાવણી નાંખી હોય, એવું ને પેલા બંને નાસિકા છિદ્રોમાં ઈઝરાયેલ અને ચાઈના ટાંપીને બેઠા છે! મારા કાનમાં ને નાકમાં રોજની મિસાઈલો ફૂટતી હોય એવું લાગે! ઓડકાર આવે કે અટકડી, એના અવાજ પણ જાણે મિસાઈલ ફૂટી હોય એવા સંભળાય! ત્યારે મારે એને સમજાવવો પડ્યો કે, ભારત એ ભારત છે, શાંતિનો દેશ છે, ટેન્શન ના લે! એ ખાડીનો દેશ નથી, ખાદીનો દેશ છે. કંઈ નહિ થાય! પછી ખબર પડી કે, એને વધારે ટેન્શન તો, પેટ્રોલની તાણનું હતું. એની પાસે આઝાદી પહેલાંનું એક ફટફટિયું છે. જે લગન વખતે એને સસરાએ 'બક્ષિસ'માં આપેલું. (કઈ ખુશીમાં આપેલું તેની ખબર નથી, પણ કન્યા વિદાય વખતે સસરાજી એટલું બોલેલા કે, જમાઈરાજ! મારી દીકરી તમને મળી ને મારા માથાનો દુખાવો મટી ગયો, એટલે તમને આ ફટફટિયું હું ભેટમાં આપું છું!) સસરાએ આપેલી બક્ષિસ કાળજીથી સાચવવાનો પણ એક સંસ્કાર છે. જેની પાસે માત્ર એક 'ફટફટિયું'છે, એની જો આવી હાલત થતી હોય, તો બીજા થોકબંધ વાહનોવાળાની શું વલે થતી હશે..? આ તો એક વિચાર આવ્યો! એમાં, સવારે છાપું ઉઘાડો એટલે, મથાળે સમાચાર આવે કે, એક જ કન્યાને પરણવા માટે જથ્થાબંધ લોકો જાન લઈને આવ્યા હોય, એમ પેટ્રોલ પંપ ઉપર લોકો પેટ્રોલ ભરાવવા જમા થયા!

એક ભાઈને તો ચમનિયાએ પૂછ્યું પણ ખરું કે, 'તમે પેટ્રોલ ભરાવવા આવ્યા છો ..?'

પેલો કહે, ''નહિ, હું તો દેશભક્ત છું. ટાંકીમાં વધારાનું પેટ્રોલ છે, તે જમા કરાવવા આવ્યો છું!'

- ઓહહ..સાથે વાઈફને પણ લાવ્યા..? એ પણ દેશભક્ત હશે નહિ..?

- મને કહે, ''ના રે ના! પરણીને આવી ત્યારની કહેતી હતી કે, મારે મોંઘામાં મોંઘી જગ્યાએ ફરવા જવું છું.આ તો પેટ્રોલના ભાવ આસમાને ગયા એટલે થયું કે, લાવ પેટ્રોલ પંપ ઉપર ફેરવી લાવું! આનાથી તો બીજી કઈ મોંઘામાં મોંઘી જગ્યા હોય..?

તારા કપાળમાં કાંદા ફોડું!

ચમનિયાની બગડતી જતી હાલત જોઈને ચંચીએ એક દિવસ કહ્યું કે, આ 'ફટફટિયું'ભલે મારા બાપાએ આપ્યું હોય, પણ હવે એવરેજ પણ આપતું નથી તો, કાઢી નાંખો અને જે કંઈ આવે તેમાંથી બીજું વાહન લઈ લો! નવું વાહન લેવાની વાત સાંભળીને, ચમનિયાની સ્પ્રિંગ એવી છટકી કે, પહેલી વખત ચંચી સામે ઊંચા અવાજે બોલ્યો કે,'એને વેચવા કાઢું તો, શું હાથી ઘોડા આવવાના હતા..? ગધેડું પણ નહિ આવે!

- ને ચંચીની સ્પ્રિંગ છટકી! ખાડીના દેશોનું યુદ્ધ બાજુ ઉપર રહી ગયું ને એ બે નું યુદ્ધ ચાલુ થયું ને ચંચીએ સાચેસાચ એક ગધેડું લાવીને ઘરમાં મૂકી દીધું! અને ચમનિયાને કહે કે, 'લો ગધેડું લાવી. હવે ગધેડે બેસીને આંટા મારવા જજો. હેલ્મેટની ઝંઝટ નહિ, PUCની પંચાત નહિ, ઈન્સ્યુરન્સની માથાકૂટ નહિ, ટ્રાફિકના કોઈ ધાંધિયા નહિ, અકસ્માતના ડર નહિ ને પેટ્રોલના કે ગાડી સર્વિસના કોઈ ખર્ચા નહિ! ખાલી ઘાસ અને પાણી આપજો, એટલે ગબડ્યું ગાડું.! ગધેડે બેઠેલા જોઈને લોકો પણ કહેશે કે, 'વાહ.. શું ચમનિયાની શાહી સવારી આવી રહી છે!'ને ગધેડાનો પણ જન્મારો ફળશે કે, યુદ્ધ થયું તો ભલે થયું. અમારા ભાવ તો ઉંચકાયા! અમે પણ Upgrade થઈ ગયા!

**લાસ્ટ બોલ**

નામદાર જજસાહેબે આરોપીને પૂછ્યું કે, "તમે આ ભાઈને ગધેડો કહેલો એ વાત સાચી..?
આરોપી કહે, 'હા જજ સાહેબ! વાત સાચી! જજ સાહેબ, 'એટલે કે તમને આ ગુનો મંજૂર છે.
માણસને ગધેડો કહેવો એ ગુનો છે. તમને ૧૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવે છે! આરોપી કહે, 'જજસાહેબ, હું દંડ ભરવા તૈયાર છું. હવે મને ખબર પડી કે, માણસને ગધેડો નહિ કહેવાય. પણ ગધેડાને માણસ કહું તો ચાલે ને ..? આજથી હું એને માણસ કહીશ!
ઓર્ડર..ઓર્ડર.!
તારા કપાળમાં કાંદા ફોડું!.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સીમાંકન બીલ કે સરકારી તિજોરી પરનું બિનજરૂરી આર્થિક ભારણ?

સમાચાર મુજબ સરકાર પ્રસ્તાવિત સીમાંકન બિલ દ્વારા હાલની ૫૪૩ સાંસદોની સંખ્યાને ૮૫૦ સુધી લઈ જવાનો ઈરાદો રાખે છે. આ બીલના રાજકીય/જાતિગત કે અન્ય મુદ્દાઓને બાજુએ રાખી ફક્ત તેના આર્થિક સૂચિતાર્થ પર ધ્યાન કેન્દ્રિત કરીએ તો સ્વાભાવિક પ્રશ્ન ઊઠે કે, સંસદમાં ૩૦૦ થી પણ વધારે સાંસદોનું અચાનક શું કામ પડ્યું કે એવું નવું ટોળું ઊભું કરી તેની પાછળ સરકારી તિજોરીના કરોડો રૂપિયા વેડફવાનો (હા, વેડફવાનો), કેમકે સાંપ્રત કાળમાં સંસદમાં કોઈ પણ ગંભીર વિષય ઉપર અર્થપૂર્ણ ચર્ચા થતી હોય એવું પ્રતીત થતું નથી) અર્થ ખરો? એને બદલે જો દેશનાં સરકારી તંત્રોમાં લાંબા સમયથી ખાલી રહેલી નોકરીની જગ્યાઓ ભરવામાં આવે તો લાખો બેરોજગાર યુવાનો સરકારી નોકરી થકી પોતાની જિંદગી સુધારી શકે અને પ્રજાને તેમની સેવાઓનો લાભ મળી શકે.

**નવસારી - કમલેશ આર. મોદી**

## જહાજો પર ગોળીબારી, પણ ચર્ચા માત્ર રાજકારણ પર!

તાજેતરમાં વિશ્વ પરિસ્થિતિમાં વધતા તણાવ વચ્ચે એક ચિંતાજનક ઘટના સામે આવી છે, જેમાં ઈરાન દ્વારા ભારત તરફ આવતાં ક્રૂડ ઓઈલ લઈને જતા બે જહાજો પર ગોળીબારી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાથી માત્ર ભારતની ઊર્જા સુરક્ષા જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગોની સલામતી પર પણ પ્રશ્નચિહ્ન ઉભું થયું છે.ભારત સરકાર દ્વારા આ મામલે ઈરાનના રાજદૂતને બોલાવીને સ્પષ્ટતા માંગવામાં આવી છે, છતાં આ ઘટના દર્શાવે છે કે વૈશ્વિક સંજોગોમાં અસ્થિરતા વધી રહી છે. ખાસ કરીને જ્યારે મધ્યપૂર્વ વિસ્તારમાં તણાવ વધતો જાય છે, ત્યારે ભારત જેવા દેશ માટે આ મુદ્દો અત્યંત ગંભીર બની જાય છે. આ વચ્ચે દેશની અંદર રાજકીય સ્તરે મહિલાઓના આરક્ષણ બિલને લઈને ચર્ચા અને વિવાદ ચાલુ છે. એક તરફ રાજકીય પક્ષો એકબીજા પર આરોપ મૂકી રહ્યા છે, તો બીજી તરફ સામાન્ય નાગરિકના મનમાં પ્રશ્ન ઉઠે છે કે શું આ મુદ્દા પર સાચી ઈચ્છાશક્તિથી કામ થઈ રહ્યું છે કે માત્ર રાજકીય લાભ માટે તેનો ઉપયોગ થઈ રહ્યો છે? સંસદમાં ચાલી રહેલી ચર્ચાઓ અને વલણ પર પણ લોકોમાં અસંતોષ જોવા મળે છે. જનતા ઈચ્છે છે કે તેમની પસંદગીના પ્રતિનિધિઓ ગંભીર મુદ્દાઓ પર સંયમ અને જવાબદારી સાથે ચર્ચા કરે, પરંતુ ઘણી વખત આ ચર્ચાઓ નાટકીય અને ભાવનાત્મક બની જાય છે, જે લોકશાહી પ્રણાલીના ગુણવત્તા પર પ્રશ્ન ઉભા કરે છે। આ પરિસ્થિતિમાં એક મહત્વપૂર્ણ સવાલ ઊભો થાય છે – શું દેશની સુરક્ષા અને જનહિતના મુદ્દાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે કે રાજકીય લાભ અને મત મેળવવાની સ્પર્ધા વધારે મહત્વની બની ગઈ છે? આજે સમય છે કે નાગરિકો જાગૃત બને, તથ્યોને સમજે અને યોગ્ય પ્રતિનિધિઓ પસંદ કરે. દેશની સુરક્ષા, આર્થિક સ્થિરતા અને સામાજિક ન્યાય – આ ત્રણેય મુદ્દા પર સંતુલિત અને જવાબદાર નેતૃત્વની જરૂર છે। દેશની હાલની પરિસ્થિતિ આપણને એક જ સંદેશ આપે છે.

**સુરત - આશિષ ટેલર**

## આપણી શૈક્ષણિક સંસ્થાઓ

કહેવત છે "ઘરનો જોગી જોગટો". બહાર ના તો ઠીક પણ આપણે પણ "... સૂરતનુ જમણ" વિષય પર વધારે ધ્યાન આપ્યુ. મહત્વ ની કહી શકાય એવી અન્ય ક્ષેત્રો ની વાત કરીએ તો સૌ પ્રથમ શૈક્ષણિક ક્ષેત્ર ની વાત કરીએ. આજે હજી ઘણા ને ખબર નહી હોય કે આપણે ત્યાં *સાર્વજનિક યુનિવર્સિટી* બની છે. ના નહી, રાષ્ટ્ર ની મોટી-મોટી યુનિવર્સિટી એ વિદેશો માં ભારતનુ નામ રોશન કરતા અનેક વિદ્યાર્થીઓ આપ્યા છે. પણ, તુલનાત્મક આ નાની આપણી યુનિવર્સિટી એ પણ ભવિષ્ય માટે કંઈક કરી છુટે એવા વિદ્યાર્થીઓ તૈયાર કર્યા છે. એમાનુ એક દ્રષ્ટાંત આજે એક રાષ્ટ્રીય છાપામાં વાંચવા મળ્યુ. મિત્રો આપણે પણ "આપણા 'મિત્ર' " ને એક રિપોર્ટર ની જેમ આવા સમાચાર પહોંચાડવા જોઈએ. એ વાત એવી છે કે ચોપાટી - અઠવા લાઇન્સ ક્ષેત્ર માં આવેલ એક મહાવિદ્યાલય ના વિદ્યાર્થીઓ દ્વારા ચેરીટેબલ યોગદાન. પ્રત્યેક વર્ષે તેઓ સ્વૈચ્છિક રીતે નાણાં એકત્રીત કરે છે. વર્તમાન શૈક્ષણિક વર્ષ માં 33,501 એકત્રિત કરી એક વૃધ્ધાશ્રમને અર્પણ કર્યા છે. માત્ર આટલુ જ નહીં, ત્યાંના વડીલોને જાતે જ ભોજન પીરસી, દયા, ઉદારતા તો દીઠ પરંતુ વડીલોના માન-સન્માન અને સાર-સંભાળની ભાવના પણ પ્રગટ કરી. અત્યારથી રોપાયેલા "પિતૃદેવો ભવ" ના આ સંસ્કાર ...વધુ ના લખતા જે તે મહાવિદ્યાલય ને સવિનય એટલી જ વિનંતિ કે આવા સમાચાર માટે ભલે કોઈ "આત્મસ્લાઘા" કે પછી "બોમ્બ્ડી મારવી" કહે, પરંતુ જો આ મિડીયા ને આપશો તો અન્યો માટે પણ આ એક અનુકરણીય દ્રષ્ટાંત બનશે. અસ્તુ.

**સુરત - ચેતન સુશીલ જોષી**

## આચાર-સંહિતા, કે લાચાર સંહિતા?

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં જ ચૂંટણી પંચ દ્વારા આચાર-સંહિતા અમલમાં આવી છે અને સરકારી-તંત્ર દ્વારા તેનો કડક પણે અમલ થઈ રહ્યો છે. રાજકીય બેનરો,પોસ્ટરો,હોર્ડિંગ્સ હટાવી દીધા છે. જાહેરસભા પર પાબંદી આવી ગઈ છે.દરેક ઉમેદવારે આચાર-સંહિતાના ફરજીયાત અમલ કરવાનો હોવાથી ચૂંટણી લડનારા ઉમેદવારો નેતાઓ,કાર્યકર્તાઓ વિમાસણમાં પડી ગયા છે.કોઈના ઘર પર બેનર લગાવવું હોય તો ઘર માલિકની લેખિતમાં પરવાનગી લેવાની હોય છે.ચૂંટણી પંચે નક્કી કરેલો જ ખર્ચ ચૂંટણીમાં કરવાનો હોય છે અને તેનો પણ હિસાબ રજુ કરવાનો હોય છે.આમ આચાર-સંહિતા જાણે લાચાર-સંહિતા બની ગઈ છે. તાલુકા-જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકાની ચૂંટણીનો પ્રચાર માધ્યમ તેજ બનતો જાય છે અને અંતિમ દિવસોમાં પ્રચાર-પરાકાષ્ઠાએ પહોંચશે. સત્તાધારી પક્ષ અને હરીફ ઉમેદવારો વચ્ચે ન બનવાનું બને તો સારૂં. કેમ કે શરાબનો નશો તો ઉતરી જાય છે, પરંતુ સત્તા ચૂંટણીનો નશો કાયમી વેરઝેર ઉભા કરી જાય છે. શાંત માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તેવી શુભકામના.

**તરસાડા - પ્રવીણસિંહ મહીડા**

## વિવિધભારતી સુરતની વિસંગતતા

વિવિધભારતી સુરતની વિસંગતતા વિશે આજે શ્રી કુમુદચંદ્ર જરીવાળા સહિત અગાઉ બે ચર્ચાપત્રી મિત્રોએ લખેલ હકીકત ખરેખર ખૂબ જ ગંભીર છે.વિવિધભારતી નો ગીત માલા પ્રોગ્રામ ખૂબ જ સુંદર પ્રોગ્રામ છે જેમાં વિક્ષેપ સહન થઈ શકે તેમ નથી. શ્રોતાઓ આનંદથી કાર્યક્રમ માણતા હોય ત્યારે વચ્ચે જાહેરાત કે સમાચાર મૂકીને શ્રોતાઓના આનંદમાં સત્તાવાર વિક્ષેપ પાડવો એ કેટલે અંશે વ્યાજબી કહી શકાય ? આ સંજોગોમાં વિવિધ ભારતીના કેન્દ્રીય સંચાલકો સાથે વિચારવિમર્શ કરીને કેન્દ્રીય કાર્યક્રમ વચ્ચે સ્થાનિક કાર્યક્રમો ન મૂકાય તેવી ગોઠવણ કરવી જોઈએ. શક્ય હોય તો લોકલ ફ્રિકવન્સી નો સમય વધારી શકાય જેમાં સ્થાનિક કાર્યક્રમોનો સમાવેશ થઈ શકે રાત્રે પણ 11.10 મિનિટે સુરત કેન્દ્રનું પ્રસારણ બંધ થઈ જાય છે જ્યારે રંગતરંગ કાર્યક્રમ 12:00 વાગ્યા સુધી ચાલુ હોય છે તેથી રાત્રે પણ ફ્રિકવન્સી નો સમય વધારવાની જરૂર છે. એટલે સમાચારો અને સ્થાનિક કાર્યક્રમો અંગે વિવિધ ભારતી ના કેન્દ્રીય સંચાલકો સુરત કેન્દ્રને કોઈ વધારાની સવલત પૂરી પાડે એ જરૂરી લાગે છે. આજે ડીજીટલ ક્ષેત્રે થયેલી હરણફાળ પ્રગતિ ના યુગમાં ફ્રિકવન્સી નો સમય વધારવાનું કામ મુશ્કેલ હોય એમ લાગતું નથી. તેથી સુરતના શ્રોતાઓએ આ માટે સુરત કેન્દ્રના સંચાલકો પર દબાણ લાવવાની જરૂર છે એવું લાગે છે.

**સુરત - અરવિંદ આર. દલાલ**